R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 21 DATE: 25-05-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## લોકસભા ૨૦૧૯ની ચુંટણીમાં ભાજપને પ્રચંડ બહુમતી મળી : કોગ્રેસનો ભારે રકાસ



૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં ફરી એકવાર ભાજપને પ્રચંડ બહુમતી મળી છે.કેન્દ્રમાં ફરી એક વાર નરેન્દ્ર મોદીની સરકારની રચના થઇ છે.મોદીના નામે ભાજપે ૩૦૦ અંકોને પાર કર્યા હતા.તેના સાથી પક્ષોને પણ તેનો ફાયદો થયો હતો.તેને કારણે એનડીએની સીટોની સંખ્યા ૩૫૦એ પહોચી ગઇ હતી.ગુજરાતમાં ભાજપે ૨૦૧૪ની જેમ લોકસભાની તમામ ૨૬ બેઠકો ફરી એક વાર મેળવી લીધી હતી.

લોકસભાની ચુંટણીમાં મળેલા પ્રચંડ વિજય પછી ભાજપ મુખ્યાલય ખાતે વડાપ્રધાન મોદીએ કહ્યુ હતું કે દેશ આઝાદ થયો બાદ આ ચુંટણીમાં સૌથી વધૂ મતદાન થયું છે. આ ચુંટણીમાં કોઇ પાર્ટી કે નેતા નહીં પરંતુ જનતાનો વિજય થયો છે.આજે લોકતંત્રનો વિજય થયો છે.

રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે કહ્યુ હતું કે ૫૦ વર્ષમાં બીજી વાર એવું બની રહ્યું છે કેકોઇ બીજી વાર પુર્ણ બહુમત સાથે જીતીને વડાપ્રધાન બની રહ્યું છે

## કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીનો અમેઠીમાંથી હાર થઇ હતી તો વયનાડમાંથી ૬.૫લાખ મતોથી પ્રચંડ વિજય મેળવ્યો હતો



કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી માટે ચુંટણી પરિણામનો દિવસ અત્યંત મિશ્ર લાગણીનો રહ્યો હતો.પાર્ટીની ભુંડી હાર પછી તેઓ પોતાની પરંપરાગત અમેઠીની બેઠક પરથી ચુંટણી હારી ગયા હતા.ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઇરાની સામે રાહુલનો પરાજય થયો હતો.જો કે કેરળના વયનાડ બેઠક પરથી તેઓ પ્રચંડ બહુમતી એટલે ક ૬.૫ લાખથી વધુ માર્જિનથી જીતી ગયા હતા. અમેઠીમાં સ્મૃતિ ઇરાની સાથે ટક્કર ચાલતી હતી પરંતુ તે પછી સ્મૃતિ ઇરાની ઘણા આગળ નીકળી ગયા હતા.

રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સમાં અમેઠીના પરાજયનો સ્વીકાર કરીને સ્મૃતિ ઇરાનીને અભિનંદન આપ્યા હતા.તેમજ નરેન્દ્ર મોદીને ભાજપની જીત માટે પણ અભિનંદન આપ્યા હતા.તેમણે કહ્યુ હતું કે જનતા જે આદેશ આપે તે તેમને સ્વીકાર્ય છે.જનતા માલિક છે.તેમણે કહ્યુ હતું કે તેમના પાર્ટીના કાર્યકરોએ ભારે મહેનત કરી હતી તે માટે તેઓ તેમને ધન્યવાદ આપ્યા હતા.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની બેઠકો ઘટીઃ ભાજપનો ૧૯ બેઠકો પર વિજય



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના પક્ષ તુણમુલ કોગ્રેસને ભારે આંચકો સહન કરવો પડ્યો છે.૨૦૧૪માં માત્ર બે બેઠકો પર વિજય મેળવેલા ભાજપને આ વખતે ૧૯ બેઠકો પર લીડ મેળવીને ગણતરીઓને ખોટી સાબિત કરી દીધી છે. મમતા બેનરજીના ગઢના કાંકરા ખેરવવા અઘરુ કાર્ય હતું પરંતુ અમિત શાહ અને નરેન્દ્ર મોદીની જોડીએ બંગાળમાં કલ્પના બહારની લીડ મેળવી હતી.ભાજપને મળેલા મતોની ટકાવારીમાં અઢકળ વધારો થયો હતો.ભાજપને ૪૦ ટકા અને ટીએમસીને ૪૪ ટકા મતો મળ્યા છે.

આમ ચુંટણી પરિણામો પરથી દેખાઇ આવ્યું છે કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના વળતા પાણી થઇ રહ્યા છે. તેમણે જે રીતે ડાબેરીઓને કાઢી મુક્યા હવે કદાચ એ જ રીતે તેમના માટે થઇ શકે છે.મમતાની ગણતરીઓ ઉંધી પડી ગઇ છે અને તેમના હાથમાંથી બાજી સરી ગઇ છે.તેમણે ભાજપના નેતાઓ સામે ઘણી હામ ભીડી હતી પરંતુ તેઓ સફળ થઇ શક્યા નથી.

## સુપ્રીમ કોર્ટમાં ચાર નવા જજોની નિમણુંક થવાથી હવે કોર્ટમાં જજોનો કુલ ક્વોટા થઇ ગયો



સુપ્રીમ કોર્ટમાં નવા ચાર જજોની નિમણુંક થવાથી કોર્ટની જરુરીયાત પ્રમાણે કુલ ૩૧ જજોની ફુલ સ્ટ્રેથ થઇ ગઇ છે.અત્યાર સુધીમાં એપેક્ષ કોર્ટ ૨૭ જજોથી કોર્ટની કાર્યવાહી ચલાવતી હતી.કુલ મંજુર થયેલ જજોની સંખ્યા ૩૧ની છે.જેમાં ચીફ જસ્ટીસનો પણ સમાવેશ થાય છે.તાજેતરમાં થયેલ નિમણુંકને કારણે ઘણાબધા સમય પછી પ્રથમ વાર સંપુર્ણ મંજુર થયેલ સ્ટ્રેથ કાર્યશીલ બનશે.નવા ચાર નિમણુંક થયેલા જજોમાં જસ્ટીસ અનિરુધ્ધ બોઝ, એ.એસ. બોપન્ના, બી આર ગવાઇ અને સુર્યાકાંન્ત છે.જસ્ટીસ બોઝ અને બોપન્નાના નામ સરકારે આ પહેલા પરત મોકલ્યા હતા પરંતુ સુપ્રીમ કોર્ટે કોલેજીયમે તેને ફરીથી સીનીયોરીટી લીસ્ટમાં મુકીને રાજ્ય સ્તરનું પ્રતિનિધિત્વના કારણે આગળ ધરતાં મંજુરી આપવામાં આવી હતી.

આ માસ પહેલાં કોલેજીયમે જસ્ટીસ બોઝ અને બોપન્નાની સામે તેઓની લાયકાત,વર્તણુંક અને તેમની ઇન્ટીગ્રીટી સામે કોઇપણ જાતની શંકા કર્યા વગર તેમના નામોની ભલામણ કરી હતી.કોલેજીયમે જસ્ટીસ બીઆર ગવાઇ અને સુર્યા કુમારના નામોની પણ ભલામણ કરી હતી.૨૦૨૫માં જસ્ટીસ બીઆર ગવાઇ ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા બની શકશે. તેઓ બીજા દલિત ચીફ જસ્ટીસ બનશે. ચીફ જસ્ટીસ કે જી બાલાક્રિશ્નન દલિત હતા અને તેઓ મે ૧૧,૨૦૧૦માં રીટાયર્ડ થયા હતા.

પાંચ સભ્યોની બનેલી કોલેજીયમના હેડ તરીકે ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ હતા.કાયદા મંત્રાલયના નોટીફીકેશન મુજબ પ્રેસીડેન્ટ રામ નાથ કોવિંદે સહી કરેલા વોરંટ ઓફ એપોઇમેન્ટ ઇસ્યુ કર્યા હતા.જસ્ટીસ બોઝ,જેમની માતૃ હાઇકોર્ટ કોલકોત્તા છે અને તેઓ ઝારખંડ હાઇકોર્ટના ચીફ જસ્ટીસ છે અને તેઓ સમગ્ર ભારતના ૧૨ જજોમાં સીનીયર છે.

જસ્ટીસ બોપન્ના કે જેમની માતૃ કોર્ટ કર્ણાટક છે અને તેઓ ગૌહત્તી હાઇકોર્ટના ચીફ જસ્ટીસ છે અને સમગ્ર ભારતમાં તેઓ સીનીયોરીટીમાં ૩૬માં ક્રમે છે.જસ્ટીસ ગવાઇ કે જેઓ મુંબઇ હાઇકોર્ટમાં છે અને જસ્ટીસ કાંત કે જેઓ હિમાચલ પ્રદેશ હાઇકોર્ટમાં ચીફ જસ્ટીસ છે.આ ચાર જજોની નિમણુંક વોટીંગની ગણતરીના એક દિવસ પહેલા આપવામાં આવી હતી.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

લોકસભાની ચુંટણીમાં ભાજપ જીત્યું. નરેન્દ્ર મોદીને પ્રચંડ જનાદેશ મળ્યો.લોકસભામાં બહુમતીથી એનડીએ ૩૪૯ સીટો અંકે કરી.છેલ્લા એક મહિના જેટલા સમયથી દેશભરમાં ચુંટણી માહોલમાં કોણ જીતશે અને કોણ હારશે સામે અટકળો હતી તે પુરી થઇ ગઇ.ફરીથી એકવાર કોગ્રેસને સફળતા મળી નહિ. જો કે ચુંટણી માહોલ દરમિયાન એવું લાગતું હતું કે કદાચ તેઓ સારી એવી સીટો મેળવીને એનડીએને સફળ થવા દેશે નહી પરંતુ તેનાથી ઉલ્ટુ બન્યું કોગ્રેસને જનાધાર મળ્યો નહી.ખેર મોટા નેતાઓ ચુંટણી હારી ગયા. અને એવા અનેક નેતાઓ જે જનાદેશને લાયક નથી તેમને જનાદેશ મળ્યો. આ લોકશાહીની બલિહારી છે. સંસદમાં એવા સાંસદોની જરુરીયાત છે જે લોકશાહીને ઉજાળે અને ચાર ચાંદ લગાવે. દેશની જનતાના વિશ્વાસને ખરો ઉતારે.ખેર,હવે બીજા પાંચ વર્ષ વિરોધપક્ષોએ મહેનત કરવાની કે કદાચ તેમને કંઇ કરતાં કઇક ચાન્સ મળે.દેશના મહત્વના મુદ્દાઓ રોજગારી,મોઘવારી વિગેરે પર મતદારોએ ધ્યાન આપ્યું નહી. માત્ર મોદી અને મોદી વિરોધી પ્રશ્ન જ મહત્વનો રહ્યો અને પરિણામ મોદી તરફી આવ્યું.વિશ્લેષણકારોને મુઝવતો સવાલ જ આ છે કે આમ કેમ બન્યું. પરંતુ બન્યું તે હકીકત છે.

સુરતમાં તંત્રના પાપે ૨૧ જેટલા નિર્દોષ છાત્રોનો ભોગ લેવાઇ ગયો. હવે તંત્ર અનેફાયર બ્રિગેડ ની જવાબદારી સામે લોકો લાચાર હતા.જેમના લાડકવાયા નંદવાયા તેમના માટે ભારે દુઃખદાયક પરિસ્થિતિ હતી.કોની બેદરકારી હતી તે નક્કી કરવી તો જોઇએ જ પરંતુ તે નક્કી કરીને પછી જેમને નુકશાન થયું તે ભરપાઇ તો નહી થાય. હવે તંત્રની જવાબદારી ફિક્સ કરવી,જેમની બેદરકારી હોય તેને ફિક્સ કરી તેમને કડક નશ્યત કરવામાં આવે તેમ કરવું જરુરી છે.કાયદાની ઘોર ઉપેક્ષા, ભ્રષ્ટાચાર સામે નાગરિકો લાચાર બની જાય છે આમ લાચાર માનવીને તંત્ર લાચાર ના થવા દે તે જોવુ જરુરી છે. જેમને દુઃખ પહોચ્યું છે તેમને ઇશ્વર સહન કરવાની શક્તિ આપે.

## ભાજપના પ્રવક્તા સંબિત પાત્રા નો ગણતરીના છેલ્લા રાઉન્ડમા 'પરાજય

ભાજપના નેતા અને પ્રવક્તા સબિત પાત્રાને છેલ્લી ઘડીએ હારનો સ્વાદ ચાખવો પડ્યો હતો.સબિત પાત્રાને ઓડીશાની પુરી બેઠક પરથી ટિકિટ આપવામાં આવી હતી. જો કે અહીં સંબિત પાત્રાને બીજુ જનતા દળના પિનાકી મિશ્રએ હરાવ્યા હતા.જો બંને વચ્ચે છેલ્લી ઘડી સુધી ટક્કર ચાલી હતી.બંનેના દરેક રાઉન્ડ બાદ માત્ર ૬૦૦થી ૭૦૦ મતોનો ફરક જોવા મળ્યો હતો.પરંતુ છેલ્લા રાઉન્ડની મત ગણતરી માં પાત્રા ૧૧,૭૧૪ મતથી પાછળ રહી ગયા હતા. અને ચુંટણી હારી ગયા હતા. જોકે મોદી વેવમાં અનેક ઉમેદવારો જીતી ગયા હતા. સંબિત પાત્રાએ ભાજપના પ્રવક્તા તરીકે સોશ્યલ મીડીયા અને અન્ય ટીવી મીડીયામાં પોતાનુ ડિબેટ સ્તર જાળવી રાખ્યું હતું. તેથી તેમની પબ્લીસીટી વધારે હતી. પરંતુ બીજી જનતા દળના લોકલ નેતાને કારણે તેઓ છેલ્લી ઘડીએ પાછળ પડી ગયા હતા અને તેમનો પરાજય થયો હતો.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## આઇપીએલ-૨૦૧૯માં મુંબઇ ઇન્ડીયન ચેન્નાઇ સુપરને હરાવીને ચેમ્પીયન બન્યું




છેલ્લા બોલ સુધી રોમાંચક બનેલી આઇપીએલની ફાઇનલમાં મુંબઇ ઇન્ડીયને ચેન્નાઇ સુપર કિંગને એક રનથી હરાવીને ટ્રોફી જીતી લીધી હતી.રાજીવ ગાંધી સ્ટેડિયમ ખાતે રમાયેલી ફાઇનલમાં મુંબઇએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી આઠ વિકેટે ૧૪૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ચેન્નાઇ સુપરે સાત વિકેટે ૧૪૮ રન બનાવ્યા હતા.આમ છેલ્લા સાત વર્ષમાં મુંબઇ ચોથી વખત ચેમ્પીયન બન્યુ હતું. આ પહેલાં તે ૨૦૧૩,૨૦૧૫, અને ૨૦૧૭માં ચેમ્પીયન બન્યુ હતું.૨૦૧૭માં પણ મુંબઇએ એક રનથી ફાઇનલ જીતી હતી. ત્યારે તેણે રાઇઝીંગ પુણે સુપર જાયન્ટસને હરાવી હતી.

## ટ્રેડ વોરમાં ચીને અમેરિકા પર વળતી ડ્યુટી લાદી :૧ લી જુનથી ૫૧૪૦ પ્રોડકટસ પર પાંચથી ૨૫ ટકા જેટલી ડ્યુટીમાં વધારો કરશે



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્ર દ્વારા ચીની માલ-સામાન પર વધુ ડ્યુટી લાદવાના નિર્ણયનો બદલો લેવાના પ્રયાસરુપે ચીને પણ વળતા હુમલામાં અમેરિકી ચીજવસ્તુઓ પરની ડ્યુટીમાં વધારો કરી દેતાં બે દેશો વચ્ચેનું ટ્રેડ વોર વકર્યું છે.અને તેની સીધી અસર ભારત સહિતના વૈશ્વિક શેરબજાર પર થઇ છે.ચીને કહ્યુ છે કે તે અમેરિકાના માલ-સામાન પર વળતા પ્રહાર તરીકે ડ્યુટી લાદવા જઇ રહ્યું છે.

ચીનના નાણાં મંત્રાલયે કહ્યુ હતું કે તે અમેરિકાથી આયાત થઇ રહેલી ૫૧૪૦ પ્રોડકટસ પર પાંચથી ૨૫ ટકા જેટલી ડ્યુટી વધારો કરશે અને તેનો અમલ પહેલી જુનથી કરવામાં આવશે.અમેરિકાથી આયાત થતી ચીનની આ ચીજ-વસ્તુઓ ૬૦ અબજ ડોલર જેટલી થવા જાય છે.

ચીનના આ પગલાં અંગે વ્હાઇટ હાઉસ અને યુએસ ટ્રેડ પ્રતિનિધિએ કોઇ પ્રતિભાવ દર્શાવ્યો નથી. વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર વચ્ચે ચાલી રહેલી આ હુંસાતુસીને કારણે વિશ્વના શેરબજારોમાં ફરીએક વાર કડાકો બોલાયો હતો.અમેરિકાના મોટાભાગના શેરબજારો બે ટકાથી વધુ ઘટી ગયા હતા. ચીન દ્વારા લાદવામાં આવેલી ડ્યુટી અગાઉ ૨૦૧૮માં જારી કરવામાં આવેલી યાદીમાં વધુ એક ઉમેરો છે.ચીને ૧૪૯૩ ચીજ વસ્તુઓ પર ૨૫ ટકા , ૧૦૭૮ વસ્તુઓ પર ૨૦ ટકા,૯૭૪ વસ્તુઓ પર૧૦ ટકા અને ૫૯૫ આઇટમો પર પાચ ટકા ટેરીફ લાગુ કર્યો છે.

ટ્રેડ વોરમાં ભડકો એવા સમયે થયો જ્યારે ટ્રમ્પે ચીનની ૨૦૦૦૦કરોડ ડોલરની કિમતની ચીજવસ્તુઓ પર ટેરિફમાં તોતિંગ વધારો કરી દીધો હતો.અમેરિકાએ આ અંગે કહ્યુ હતું કે ચીને તેણે અગાઉ જે ખાતરીઓ વ્યાપાર થયો તે વખતે આપી હતી તેનું તેણે પાલન કર્યું નથી. દરમિયાન અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે ચાઇનીજ રાષ્ટ્ર પ્રમુખ શી જિનપીંગ સહિતના ચાઇનીઝ નેતાઓને ચેતવણી આપી હતી કે ચીની વ્યાપાર અંગે કરાયેલી ડીલ માટે કામ ચાલુ રાખે. તેમણે ટ્વીટ કરીને લખ્યું હતું કે ચીન જવાબ આપવાની કોશીશ ના કરે, જેનાથી માત્ર નુકશાન જ થશે. ટ્વીટર પર ટ્રમ્પે આગળ લખ્યું હતું કે હું રાષ્ટ્રપ્રમુખ શી જિનપીંગ સહિતના નેતાઓને અનુરોધ કરુ છું કે જો તમે ડીલ અનુસાર આગળ નહીં વધો તો ચીનને ખુબ નુકશાન થશે કેમકે કંપનીઓને ચીન છોડવાની ફરજ પડશે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

પાન નં ૪ ઉપરનું ચાલું

સૌથી ઉંચી અને સૌથી સાચી કળા છે.

હેલ્વેટીયસે કહ્યું છે : સત્ય એક મશાલ છે, જે ધુમ્મસને વિખેરી નાખ્યા વિના પણ તેની વચ્ચે ઝળહળે છે. આપણા સત્યની મશાલ સદૈવ જલતી જ રહે એવો પ્રયત્ન કરવો જોઈએ. સત્ય એ ભગવાન કરતાં પણ મહાન છે એની વાત જ્હોન એકહાર્ટે કરી છે. સત્ય એ એટલીઉમદા વસ્તુ છે કે જો ભગવાન એની તરફ પીઠ ફેરવી શકે તો હું ભગવાનને છોડી દઉ, પણ સત્યને વળગી રહું.એ ખમીર છે સત્ય માટેનું. પણ દરેકને પોતાનું સત્ય હોય છે.જે મારા માટે સત્ય છે એ તમારા માટે ન પણ હોય. છતાંય જે સનાતન સત્ય છે એને વિભાજીત કરી શકાય જ નહીં.હોમરે કહ્યું છે : એક સત્ય બીજા સત્યનું વિરોધી ક્યારેય બની શકે નહી.સત્ય એ કંઈક રસ્તામાં પડેલી જણસ નથી. એના માટે તપ કરવું પડે છે.પ્લુટોએ કહ્યું છે : સત્ય શીખવા માટે શાંતિપુર્વક સાત વર્ષ શોધ કરવી જોઈએ.પરંતુ પોતાના સાથી માનવોને સત્ય કેવી રીતે જણાવવું તે શીખવા માટે ચૌદ વર્ષ જોઈએ.રામે જગતને સત્ય શીખવવા માટે ચૌદ વર્ષ વનવાસ વેઠ્યો હતો. આખરે સત્યનો વિજય થયો હતો. એને જગતમાં સત્યનો મહિમા પણ થયો હતો.

આપણે શાળાઓમાં કે શૈક્ષણિક સંસ્થાઓમાં કે ભીતો પર લખાવીએ છીએ.સાચું બોલો. દરરોજ તે વાંચતા હોવા છતાં એનું આચરણ કરીએ છીએ ખરા ? સંતશ્રી તીરુવલ્લુવરે કહ્યું છે : અસત્ય ન બોલો, જો આ આદેશનું પાલન મનુષ્ય કરી શકે તો તેણે ધર્મોના બીજા કર્તવ્યનું પાલન કરવાની આવશ્યકતા રહેતી નથી.આપણું મન જો પવિત્ર હશે તો જ તે લોકોના હૃદય પર રાજ કરશે.ગાંધીજી માટે અંગ્રેજો પણ માનતા હતા કે આ માણસ અસત્યનું આચરણ તો નહી જ કરે. એવો જ માણસ જગતની બધી જ દુર્લભ વસ્તુઓ મેળવી શકતો હોય છે. સત્ય તો તે છે કે જેના દ્વારા બીજાને કોઈ પણ પ્રકારની હાનિ ન થાય. સંતશ્રી તિરુવલ્લુવરે કહ્યું છે : મે જગતમાં ઘણી વસ્તુઓ જોઈ છે.પરંતુ મે જે ચીજો જોઈ છે તેમાં સત્યથી વધુ ઉચ્ચ બીજી કોઈ વસ્તુ નથી.પણ એ સત્ય પ્રિય હોય તો વધારે અસરકારક બને છે.જેણે સાચુ બોલવાનું વ્રત લીધું છે તે પ્રિય અને હિત કરનાર સત્ય વચન કહે છે જો અપ્રિય અનો અહિતકારક છે તે સત્ય પણ સત્ય નથી.સત્ય બીજાના આંસુ લુછવા માટે છે.તેથી બધાજ સત્યને ભગવાન કહે છે.કોઈકે કહ્યું છે : સત્યની મહાન બીજો કોઈ ધર્મ નથી.સત્યથી શ્રેષ્ઠ બીજો કોઈ સદ્‌ગુણ નથી. સત્ય સમાન બીજો કોઈ અક્ષય ભંડાર નથી. ધર્મ, તપ,યોગ અને યજ્ઞ તથા જીવનનો મુખ્ય આધાર માત્ર સત્ય જ છે. સત્ય એ ભગવાન છે.એટલા માટે ઋગ્વેદમાં કહ્યું છે : સત્યથી વિશ્વને પ્રકાશિત કરો.

સત્યથી વાયુ વાય છે સત્યથી સુર્ય ચમકે છે.સત્યથી જ વાણીની પ્રતિષ્ઠા થાય છે. સાચેસાચ સત્યમાં બધું જ આવી જાય છે.એટલે સત્યને સૌથી મોટું કહ્યું છે.સત્ય જ માણસને મહાન બનાવે છે.જો સત્પુરુષ જ્ઞાન અને ચારિત્રના કારણે સત્ય વચન જ બોલે છે. એના ચરણોની રજ પૃથ્વીને પવિત્ર કરે છે.સત્ય મનુષ્યને સ્વર્ગમાં લઈ જાય છે.સત્યથી અધિક કોઈ તપ નથી.સત્ય બોલો,અનો સત્યમાં આળસ ન કરો.સત્ય જ જયોતિ છે.સ્વામી રામતીર્થે કહ્યું છે : સત્યનો અનુભવ કરવા માટે તમારે તમારી જાતને સત્યરૂપ અનુભવ કરવો પડશે.જે સત્યનો અનુભવ કરે છે એ સ્વતંત્ર બને છે.એનુ કારણ એ છે કે સત્યને કોઈ બંધન નડતા નથી.સત્યને કોઈ ભીડ કે સભાની જરુર પડતી નથી.કારણ કે સત્ય તો લોકપ્રિયતાથી જોજનો દુર હોય છ.ઉપદેશ કે કથાઓ કરવાથી સત્યની પ્રતિતી કરાવી શકાતી નથી.

આ સંસારનો કાદવ કોઈને ખરાબ કરી શકતો નથી. સત્યની સામે ગમે તેટલી ગંદકી આવે પણ તોય એ સુવર્ણની જેમ જ રહે છે.કોઈને હાનિ ન થાય એવું બોલવું એને સત્ય બોલવું કહે છે.જેને શબ્દ દ્વારા પણ હાનિ ન થાય,એજ સત્ય છે.સત્ય મન,વચન અને કર્મથી જ પામી શકાય છે.પોતે સાચો છે એવું સાબિત કરવા માટે જે લોકો પોતાના ધર્મગ્રંથ ઉપર હાથ મુકીને પણ ખુલ્લેઆમ જુઠ્ઠુ બોલતા હોય છે,એમને સત્યને શું લાગેવળગે ?અખાએ કહ્યું છે તેમ પાણી જોઈને સ્નાન કરવાથી કે પથ્થર જોઈને પુજવાથી શુધ્ધિ થતી નથી.શુધ્ધિ તો સત્‌નું આચરણ કરવાથી થાય છે.સાચા હૃદયથી જો સત્યને પ્રગટ કર્યું હોય તો એને જગતમાં કોઈ બદલી શકતું નથી.સત્ય ચિરકાલીન હોય છે.સત્યને કાટ કે ઉધઈ લાગતી નથી.સત્ય સનાતન છે.સત્યને કોઈ બદલી શકતું નથી.સત્યને પડકારી શકાય નહી.સત્ય કોઈનું મનોરંજન કરતું નથી.પણ ક્યારેક સત્યને અસત્યથી ઢાંકવાનો પ્રયત્ન થાય છે. સત્ય ઢંકાય છે તેથી એને જરુર પડેછે સાક્ષીની.સત્યને સત્ય તરીકે પ્રતિ પાદિત કરવા માટે સાક્ષી હોવો જરુરી બની જાય છે.નહીતર તર્ક અને દલીલો દ્વારા ન્યાયાલયમાં અસત્ય સત્ય પર હાવી થઈ જતું હોય છે.એવા ઘણા કિસ્સા આપણે પણ જાણતા હોઈએ છીએ.

એક રીતે સત્યનો માર્ગ વિકટ છે.અને સરલ પણ છે. જે સત્યના માર્ગે ચાલે છે એનો સ્વીકાર ઝડપથી થતો નથી.એ માર્ગે જનારને વચ્ચે અનેક સંકટોનો મુકાબલો કરવો પડે છે.અનેક વિધ્નો આવવા છતાં જો એ આગળ નીકળી જાય તો એનો જય થાય છે.સત્યના માર્ગે ચાલનારો બાળક જેવો નિર્દોષ હોય છે.સત્યનો માર્ગ તો શુરાનો છે.એમાં કાયરનું કામ નથી.સત્ય જ ઈશ્વરનો પર્યાય છે.સત્યનો પુરસ્કાર સત્ય જ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી,
(સૌ.સંદેશ)


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧


## દેશમાં ડાબેરીઓનો છ દાયકામાં સહુથી કંગાળ દેખાવ

લોકસભા ચુંટણી ૨૦૧૯માં પરિણામોએ ડાબેરી દળોની સ્થિતિ એકદમ ખરાબ કરી નાંખી છે.છેલ્લા છ દાયકામાં ડાબેરી પાર્ટીઓનું સૌથી ખરાબ પ્રદર્શન આ વખતે રહ્યું છે.દેશભરમાંથી ફક્ત પાંચ જ બેઠક પરથી ડાબેરી દળો પોતાના ગઢ સમાન પશ્ચિમ બંગાળમાં એક પણ સીટ જીતી શક્યા નથી.૨૦૧૪ની તુલનામાં ડાબેરીઓના ૭ ટકા વોટ ઘટી ગયા છે.અને કેરળમાં ૩૨ ટકા વોટ મળ્યા છે.પરંતુ ડાબેરી દળોને એકજ બેઠક જીતવામાં સફળતા મળી છે.પુર્વોત્તર રાજ્યોમાં તો ડાબેરી દળોની ડીપોઝીટો જપ્ત થઈ છે. ૧૯૫૨ પછી પહેલી વાર ડાબેરીઓ તેમની સીટનો આંકડો દ્વિ અંક સુધી પહોચાડી શક્યા નથી.૨૦૦૪માં ડાબેરી દળોએ ૫૯ બેઠક જીતીને યુપીએ સરકાર રચવામાં મહત્વની ભુમિકા ભજવી હતી.૨૦૧૯માં જીતેલી બેઠકના ઘટાડા સાથે ફક્ત ૧૨ સીટો જ ડાબેરી દળો જીતી શક્યા હતા.ડાબેરી દળોમાં સીપીઆઈ-એમ, કેરળની અલપ્પુઝા, અન્ય લેફ્ટ પાર્ટીમાં રીવોલ્યુએશનરી પાર્ટી કેરળની કોલ્લામ બેઠક ૫ ૨ જીત મેળવી છે.

ડાબેરીઓની લોકસભામાંથી બાદબાકીથી સંસદમાં બોલકા સભ્યોની અછત પડશે.

## સાઉદી અરબની તેલની પાઇપલાઇનો પર ડ્રોનથી હુમલો : તેલ પુરવઠો અટકાવાયો

સાઉદી અરેબિયામાં ચાર ટેન્કરો પર હુમલો કરાયા બાદ ફરી એકવાર અહી મોટો હુમલો કરાયો છે. એક મુખ્ય સાઉદી અરબની તેલ પાઈપલાઈન પરના બે પંપિગ સ્ટેશન પર વિસ્ફોટક ભરેલા ડ્રોનથી હુમલો કરાયો હતો. આ હુમલા બાદ કાચા તેલના પુરવઠાને અટકાવી દેવામાં આવ્યો હતો. આ હુમલા બાદ અખાતી વિસ્તારમાં તનાવની સ્થિતિ બની છે.

સાઉદી અરબના ઉર્જા મંત્રી ખાલિદ અલ ફલીદે જણાવ્યુ હતું કે તેલથી સમૃધ્ધ પુર્વા પ્રાંતથી લાલ સાગર સુધી જતી પાઈપલાઈન પર સવારે હુમલો કરાયો હતો. આ એક આતંકવાદી કૃત્ય છે. વૈશ્વિક તેલ પુરવઠાને ટાર્ગેટ કરાયો છે. સાઉદીની સરકારી તેલ કંપની અરામકોથી જોડાયેલા તેલના ઢાંચાને નિશાન બનાવવાની સાથે પાઈપલાઈન સાથે જોડાયેલા બે સ્ટેશનોને નિશાન બનાવાયા હતા.ઈરાન સમર્થિત હઊથી વિદ્રોહી જે યમનમાં સાઉદીના નેતૃત્વવાલા સૈન્યના ગઠબંધનનો સામનો કરી રહ્યા છે તેમના દાવા મુજબ તેમણે ડ્રોન સાથે અનેક મહત્વપુર્ણ સાઉદી ઠેકાણાને નિશાન બનાવ્યા છે.આ માટે જણાવાયું હતું કે આ રાજઘરાણાને એક સંદેશ મોકલવા માટે અને તેમના દેશ વિરુધ્ધ આક્રમકતાને અટકાવવા માટે હુમલો કરાયો છે.આનાથી સ્પષ્ટ થાય છે કે તેઓ ફુજૈરાહ અમીરાત પાસે ટેન્કરોની થયેલી તોડફોડની જવાબદારી લઈ રહ્યા છે. જો કે તાજા સમાચારો મુજબ સાઉદી સૈન્ય દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં કેટલાક આતંકીઓને ઘેરીને તેમનો ખાતમો બોલાવી દેવામાં આવ્યો છે.

## ટ્રેડવોરમાં અમેરિકાને ચીને ધમકી આપતાં કહ્યુ કે અમને કમજોર ના સમજો અને છેલ્લે સુધી લઇ લઇશું

ટ્રેડ ોરમાં અમને કમજોર સમજવાની જરુર નથી તેવી ભુલ હરગીઝ કરશો નહીં. કેમકે આ લડાઈ અંત સુધી લડવા માટે અમો સક્ષમ છીએ.આ ચીને અમેરિકાની ટ્રેડવોર સામે ધમકી ઉચ્ચારી છે. અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનથી અમેરિકામાં નિકાસ કરવામાં આવતી ૨૦૦ અબજ ડોલરની પ્રોડક્ટ પર ટેરીફ લાદી એ સ્થિતિમાં ચીને આ વલણ અપનાવ્યું છે.ચીને પણ અમેરિકા સામે વળતા પગલાં રુપે ૫૦ અબજ ડોલરની અમેરિકી પ્રોડક્સ પર ટેરિફ લાદી છે. અમેરિકાએ ગયે વર્ષે ૫૩૯ અબજ ડોલરના માલસામાનની આયાત ચીનથી કરી હતી. જ્યારે અમેરિકાએ માત્ર ૧૨૦ અબજ ડોલરના માલસામાનની નીકાસ ચીને કરી હતી. અમેરીકી રાષ્ટ્ર પ્રમુખ ટ્ર્મ્પની ધમકીથી છંછેડાઈ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા સુઆંગે જણાવ્યુ હતું કે ચીને કહ્યું છે કે ટેરિફ વધારવાથી કોઈ અર્થ નથી. ટ્રેડ વોર શરુ કરવાથી ખુદને અને અન્યને નુકશાન થાય છે.ચીનના પ્રવક્તાએ જણાવ્યુ હતું કે ચીને ટ્રેડ વોર ઈચ્છતું નથી. અને તેને ટ્રેડ વોરથી કોઈ ડર નથી. કોઈએ અમારા માથે ટ્રેડ વોરની જબરજસ્તી કરી તો અમે અંત સુધી લડી લઈશુ.

જો કે અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરમાં તે બેઉ દેશોને જે કંઈ નુકશાન થાય તેના કરતાં અન્ય દેશોને વધુ નુકશાન થવાનો સંભવ છે.

## પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના ગઢમાં ભાજપ ગાબડુ પાડવામાં સફળ

લોકસભાની ચુંટણીમાં ભાજપે પશ્ચિમ બંગાળમાં મમતાના ગઢના કાંકરા ખેરવવામાં સફળતા મેળવી છે.તુલમુલ કોગ્રેસના ગઢ પશ્ચિમ બંગાળમાં ભાજપે ૪૨ પૈકી ૧૮ સીટ જીતીને સૌને ચોકાવી દીધા છે.સત્તાધારી તુણમુલ કોગ્રેસને ૨૨ તથા કોગ્રેસના ફક્ત બે બેઠક પર જીત થઈ છે.જ્યારે ડાબેરી પાર્ટીઓનો પશ્ચિમ બંગાળમાંથી એકડો નિકળી ગયો છે.મુખ્યમંત્રી મમતા બેનરજીએ ૨૦૧૪માં ૩૪ સીટો જીતી હતી.પરંતુ આ વખતે ભાજપે પોતાની બેઠકોમાં ૧૬નો વધારો કરી દીધો છે.અને કુલ ૧૮ બેઠકો જીતી છે.હિંદુ વોટોનું ધ્રવીકરણ કરવામાં ભાજપ સફળ રહ્યો છે.


## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# વિશ્વના શ્રેષ્ઠ શસ્ત્રોમાં સત્ય સર્વશ્રેષ્ઠ છે

સત્ય એ સત્ય છે.દષ્ટ્રિવાળા જ સત્યને જોઇ શકે છે.આંધળા નહી, સત્યએ જોવાની ચીજ નથી.પણ અહીતો જેની ભીતરની દષ્ટિ ખુલી ગઇ છે, આ સંસારની પેલી પાર જેની નજર નીકળી ગઇ છે,એની વાત કરવામાં આવી છે,પણ જેના હૈયાના દ્વાર ખુલ્યા જ નથી એ તો ચર્મચક્ષુ હોવા છતાં અંધ જ હોય છે.આંખોથી આ જગતને જોતા હોઇએ તો એનો અર્થ એવો ના કરતાં કે, આપણે દેખતા છીએ.સત્ય તો આ વિશ્વની ધરી છે. સત્યના આધારે આ ધરતી હરિયાળી છે.દરેકને ટકવા માટેનો એકમાત્ર આધાર સત્ય છે.ભુમિ જ સત્ય દ્વારા પ્રતિષ્ઠિત છે.ભુમિની સ્થિરતાના પાયામાં સત્ય છે. જો સત્યનો પાયો ડગમગી જાય તો અકલ્પ આફતો સર્જાઇ જાય છે.સત્યના આધારે આપણે છીએ.આપણા આધારે સત્ય,મારુ અસ્તિત્વ હોય કે ના હોય પણ સત્ય તો રહેશે જ.સત્ય એ કોઇ લોખંડનો ટુકડો નથી કે એને કાટ ચડે.જેના માથા ઉપર સત્યની છત્રી છે એને કોની પરવા હોય ?સત્ય જ આંખ છે. જેના મનની આંખો ઊઘડી ગઇ છે. એને સત્યનો સહારો મળી જાય છે.સત્યના આધારે જીવનાર માણસને અનેક સંકટોનો સામનો કરવો પડે છતાંય જો એ અડગ રહે તો આખરી વિજય એનો જ થાય છે.સત્ય તો હાથમાં પકડેલો અંગારો છે.જેની સુરતા લાગી ગઇ છે એને કોઇ દઝાડી શકતું નથી.વિશ્વના શ્રેષ્ઠ શસ્ત્રોમાં સત્ય સર્વશ્રેષ્ઠ છે.સત્યથી માણસ સૌની ઉપર તપે છે. સળગતા અગ્નિની જ્વાળાઓની પાસે કોઇ આવી શકતુ નથી એમ સત્યના આધારે જીવતા માણસ પાસે પણ કોઇ અનિષ્ટ વિચરી શકતું નથી.એટલો એનો તાપ ને પ્રભાવ હોય છે.

સત્ય, સાચું,વાસ્તવિક, ખરુ, ખરાપણું,તથ્ય,સાચી વાત આ બધા જોડણીકોશના અર્થો છે.સત્ય તો આ અર્થોની ઉપર છે.એનાથી પણ પર છે.સત્ય તો ઝળહળતો પ્રકાશ છે.જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ક્યાંથી આવે ? સત્ય તો જીવ માત્રના જીવનનો અર્ક છે.માણસ કોઇપણ કાર્ય કરે , સત્ય-નિષ્ઠાથી કરે તો એને કોઇ આંચ આવતી નથી.ભલે એની આજુબાજુ ભસવાના અવાજો આવતા હોય તેથી તેને ગભરાવાની ચિંતા નથી.માણસનું હ્રદય શુધ્ધ હોય,મનમાં કોઇ પણ પ્રકારની મલિનતા ન હોય, દ્વેષભાવ વિનાનો સ્વભાવ હોય અને સત્યનો છાંયો હોય તો આ જગતની કોઇ તાકાત એને કશું જ કરી શકતી નથી.પણ કોઇક નબળી ક્ષણે એનું મન ડગમગી જાય તો તરતજ એના પતનની શરુઆત થઇ જતી હોય છે.અસત્ય સુંવાળું હોય છે.લાભકર્તા હોય છે.એની લાલચમાં માણસ લપસી જાય તો એનું સત્ય ઢંકાઇ જાય છે.એની સામે અનેક પડકારો છે એને વટોળીને જે આગળ વધે છે એ જ સત્યનો ધ્વજ લહેરાતો રાખી શકે છે.સ્વર્ણિમ પાત્રથી સત્યનું મોઢું ઢંકાયેલું છે. જ્યાં થોડો પણ લોભ આવ્યો તો સમજવું કે બધું જ રસાતાળ ગયું સમજો. માણસની આંખે જ્યારે સ્વાર્થના ચશ્માં આવી જાય છે, પછી એને જે જોવાનું હોય એના સિવાય બીજું ઘણું દેખાવા લાગે છે.

સત્ય બોલો,પ્રિય બોલો, અપ્રિય સત્ય ન બોલો,પ્રિય અસત્ય ન બોલો.આ સનાતન ધર્મ છે.સત્ય અને પ્રિય એ બે શબ્દો ક્યારેક આમને-સામને આવી જતા હોય છે.સામાન્ય રીતે માણસને સત્ય ગમતું નથી.કઠે છે. માણસને પ્રિય અસત્ય વધારે ગમતું હોય છે. છતાંય સમજદાર અને વિવેકી માણસ સત્યને પણ પ્રિય બનાવી શકે છે.પોતાની માતાને જ મા કહેવાય, મારા બાપની વહુ ના કહેવાય, ભલે એ સત્ય હોય તો. એવી જ રીતે સત્યને પ્રિયની કલાઈ કરતાં આવડવું જોઇએ.ઘણી વખત અસત્યનો પડદો સત્યે પાછળ ધકેલી દેતો હોયછે.આપણે ત્યારે દુ:ખી થઇએ છીએ.પણ વહેલા મોડા સત્ય તો પ્રગટતું જ હોય છે.

સત્યને અસત્ય ઢાંકી દે છે.અસત્યને વારંવાર કહેવાથી સત્ય બનતું હોય છે.એક જુઠ્ઠાણું સો વખત ઉચ્ચારવાથી સત્ય બની જાય છે.પણ એ માત્ર સત્યનો ભ્રમ જ હોય છે.માણસને ખુશામત ગમતી હોય છે.ખુશામત હોય ત્યાં સત્ય ના હોય.અસત્ય અને ખુશામતને નજીકનો નાતો છે.તેથી ક્યારેક આપણને લાગં કે અસત્યથી સત્ય ઢંકાઇ જાય છે.બધુ સત્યમાં સમાયેલું છે.જગતમાં સત્યથી જ બધું પ્રભાવક છે. સત્ય સૌથી મોટું બળ છે.એ બળની સામે કોઇ ટકી શકતું નથી.જગતના બધા જ હથિયારો એની આગળ પાંગળા છે.એ સત્ય સૌથી મોટું હથિયાર ગણાયું છે.ગાંધીજી પાસે સૌથી મોટું શસ્ત્ર સત્ય જ હતું.જેની આગળ વિશ્વની મહાન શક્તિને પણ નમવું પડ્યુ હતું.સત્યનો સુરજ કદી આથમતો નથી.સત્યનો હંમેશા વિજય થાયછે.અસત્યનો નહી.આપણા રાષ્ટ્રનો મુદ્રાલેખ પણ 'સત્યમેવ જયતે' છે.સત્યને ખતમ કરી શકાતું નથી.ક્યારેક આપણને લાગે કે સત્ય પરાજીત થયું છે,પણ અંતમાં તો એનોજ વિજય થતો હોય છે.સત્ય છુપાતું નથી.સત્ય તો આપણું કવચ છે.આપણું રક્ષણ સત્ય કરે છે.સત્ય માણસના હ્રદયમાંથી પ્રગટે છે.કેટલાક લોકો સત્યને જાણતા હોવા છતાં એનો અમલ કરી શકતા નથી તેથી પાછળથી પસ્તાય છે.

પ્લેટોએ કહ્યું છે : સત્ય ઈશ્વરનું સ્વરુપ છે. જગતમાં સત્ય જ ઈશ્વર છે.સદાય સત્યના આધાર પર જ ધર્મની સ્થિતિ રહે છે.સત્ય જ બધાનું મુળ છે.સત્યથી વધીને કોઈ પરમ પદ નથી.સત્યની દિવાલો વચ્ચે રહેવું એ અતિ કઠીન છે. સત્યના મરજીવા જ એમાં રહી શકે છે.માણસ સામાન્ય બાબતમાં પણ જુઠ્ઠુ બોલતા અચકાતો નથી.ત્યારે સત્યની વાત કરવી એ અરણ્યરુદન જેવી ઘટના છે.સત્યની અનેક મર્યાદાઓ હોઈ શકે છે.પણ એ સરહદને જે ઓળંગી જાય છે તે કશુંક મેળવી શકે છે.કોઈપણ ભોગે જે સત્યને વળગી રહે છે.એને આપત્તિઓનો સામનો કરવો પડે છે.છતાંય પોતે જે સત્યનો સ્વીકાર કર્યો છે એનું પાલન તો કરે જ છે, તો એના સુફળ એને મળે છે.

સત્ય એ સત્ય છે.સત્યને કોઇ શણગારની જરુર જણાતી નથી.સત્ય આપણને ગમે કે ન ગમે, પણ જીવનનો સાચો અર્ક જ એ છે.બધા જ રસોમાં સત્યનો રસ વધારે સ્વાદિષ્ટ છે.સત્યનો રસ શરુઆતમાં કડવો લાગે છે.પણ એ અત્યંત ગુણકારી હોય છે.જેમ દેહની શુધ્ધિ માટે કડવા રસની જરુર છે.એમ જીવની શુધ્ધિ માટે સત્યની એટલી જ જરુર છે.આપણે જાણીએ છીએ કે માણસ માત્ર પુર્ણ નથી.એનામાં પણ દોષ તો રહેલા જ છે.છતાંય આપણા ભલા સાથે બીજાના ભલાનો પણ વિચાર થવો જોઇએ.કોઇપણ પ્રકારના પુર્વગ્રહ સિવાય આપણે વર્તવું જોઇએ.સત્ય જો બીજાના હિત માટે હોય તો તે મીઠાસથી કહેવું જોઇએ.એવું સત્ય બોલવું જોઇએ જે હિત,મિત અને ગ્રહણ કરવા યોગ્ય હોય.સત્યની તુલનામાં કશું જ આવી શકતું નથી.સત્ય તો પ્રકાશનો સુર્ય છે.સુર્યની સામે ધુળ ઉડવાથી કશો ફેર પડતો નથી.પ્રકાશ ઢાંક્યો ઢંકાઇ રહેતો નથી.સત્ય આજે નહી તો કાલે તો પ્રગટવાનું જ છે.સત્ય સમાન કોઇ ધર્મ નથી.સત્યથી ઉત્તમ કશું જ નથી. અને જુઠ સમાન કોઇ તીવ્રત્તર પાપ આ જગતમાં બીજુ કોઇ નથી.આજે તો જુઠ અને પ્રપંચના ઘોડાપુર ઉમટેલા જોવા મળે છે.સત્યતો ખુણામાં ધકેલાતું જાય છે.અનિષ્ટનો અતિરેક થઇ રહ્યો છે.લોકો એને સત્ય માનતા થઇ ગયા છે.સત્યનો અર્થ જ બદલાઇ ગયો ન હોય !

ગાંધીજીએ કહ્યું છે : કોઇ અસત્ય દ્વારા સત્યને પામી શકતું નથી.સત્યને પામવા માટે તો હંમેશા સત્યનું જ આચરણ કરવું પડશે.સત્યને કોઇનો ભય હોતો નથી.સત્ય બોલવામાં ડર શાનો ? અસત્ય આજે નહી તો કાલે તમને જરુરથી ડુબાડશે.વિનોબા ભાવેએ કહ્યું છે :અસત્યમાં શક્તિ નથી.પોતાના અસ્તિત્વ માટે પણ એણે સત્યનો આશરો લેવો અનિવાર્ય છે.

સત્યની વાતો કરનારા ઘણા છે,સત્યનું પાલન કરનારા ઓછા છે.જે પાલન કરે છે,તે કોઇ સત્યની વાત કરતો નથી.કારણકે સત્ય એ પાલન કરવા માટે જ હોય છે.ડોંગરેજી મહારાજે કહેલું કે સત્યને જાણ્યા પછી એને અમલમાં મુકીએ તો જ જાણ્યું સાર્થક ગણી શકાય.માત્ર જાણકારી મેળવવાથી કશું જ પ્રાપ્ત થતું નથી.સત્યના માર્ગે ચાલવું ઘણું કાઠું છે.પણ જે વીરબંકો ચાલે છે, એની આગળ સુરજ પાથરણાં પાથરતો હોય છે.એની બેસન્ટે કહેલું કે સત્ય મારા માટે જીવનનો મુળ મંત્ર છે. એના માટે હું સંસારના સમસ્ત યશ,વૈભવ અને મધુર પ્રેમનો પણ ત્યાગ કરી શકું છું.આજની સ્થિતિમાં જોઇએ તો જો આપણે સાચું બોલીએ તો લોકો જુતાનો હાર પહેરાવે છે.મારવા દોડે છે.એ જો ખોટું બોલીએ તો વિશ્વાસ કરે છે.પણ ઉત્તમ વાત તો સંત તુકારામે કરી છે.જે અસત્ય બોલે છે,તે પાપની ખાણ છે.જે માત્ર સત્ય બોલે છે તો એની તરફ સુખ પણ ઉમળકાથી જાય છે.આપણને ઘડીભર એવું લાગે છે, પણ સત્ય એ તો સત્ય જ રહે છે.જોર્જ સેન્તીયાનાએ કહ્યુ છે કે સત્ય કુર હોય છે છતાં પણ પ્રેમ કરી શકાય છે.અને જેણે પણ તેને પ્રેમ કર્યો હોય તેને મુક્તિ મળે છે.જે માણસ અસત્ય બોલીને કંઇક મેળવી શકે છે,એ ખોવા બરાબર ગણાય છે.માણસ જે સત્યને વધારે પસંદ કરે છે એમાં એ વધારે વિશ્વાસ મુકતો હોય છે.સત્યની સરિતા ક્યારેય ગંદી ન થાય, એ જોવાની જવાબદારી આપણી છે.જે લોકો શોધે છે એ મેળવે જ છે.ગાંધીજીએ કહ્યુ છે : સત્યની ખોજમાં, અસફળતા માટે સ્થાન જ નથી.જીવનની સ્વચ્છતા

અનુ પાન નં ૩ ઉપર

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**





**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.